ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*બંધાવી લીધાં 'ગામ' એક ઈંચ પણ દીધા વિના!*
*ચીને કરી આ દેશની સેવા પૈ પણ લીધા વિના !*
*કીધા વિના બતાવે હેત હજી 'ભાઈ-ભાઈ' બની -*
*શરૂ કરી પીછે-હટ, યુદ્ધનાં ઝેર, પીધા વિના !*
*(ચાલાક ચીન સામે રાજનાથજી સંસદમાંનો હુકાર)*

હાઈકુ

*નિશાને બાજે*
*માર્યાં અનેક પંખી*
*અશ્રુ-ગોફણ...*
*(ગુલામનબીનો ફફળાટ)*

*હવે જામશે*
*ચૂંટણી મેદાને -*
*યાદવા સ્થળી!*
*(પક્ષમાં જ કાવાદાવા)*

### ચિંતન

*કેતું કૃણ્વન્નકેતવે પેશો મર્યાડઅપેશસે ।*
*સમુષદ્ભિરજાયથાઃ ॥*

**ઉપરોક્ત શ્લોક સામવેદમાંથી લેવામાં આવેલ છે.**

**જે પુરુષ પોતાની જેમ જ બીજાઓને પણ સુખી જોવાની કામના રાખે છે તેમની પાસે રહેવાથી વિદ્યા પ્રાપ્ત થાય છે. અને અજ્ઞાનનો અંધકાર દૂર થાય છે, ધન પ્રાપ્ત થાય છે અને દરિદ્રતાનો નાશ થાય છે. તેથી આપણે બધા આત્મદર્શી મહાપુરુષોની નજીક રહીએ.**

**પરમાત્મા, પોતાની બધી જ શક્તિઓની સાથે ચેતનાના રૂપમાં આ શરીરમાં નિવાસ કરે છે. તેથી જ તેમના સ્પર્શથી જ આ શરીર પવિત્ર રહે છે. તે પરમેશ્વરનું માહાત્મય છે !! અજ્ઞાનરુપી અંધકારમાં ભટકતો મનુષ્ય એ પરમ સત્યને સમજી જ શકતો નથી. તેને સમજી શકે તેવા આત્મદર્શી પુરુષો વિરલા જ હોય છે.**

**આવા આત્મદર્શી પુરુષોનો સત્સંગ પારસ પથ્થરની જેમ જીવનને સોના જેવું ચમકદાર બનાવી દે છે. આ વિદ્યાના અંધારામાંથી બહાર કાઢીને વિદ્યાના સોનેરી પ્રકાશમાં પહોંચાડી દે છે, જીવનની સાર્થકતા અને ઉપયોગિતાનું જ્ઞાન કરાવી દે છે.**

### સુવિચાર

- સુખ કે સાથી ઔર હોતે હૈં, દુ:ખ કે સાથી ઔર હોતે હૈ...
  ઔર સુખ-દુ:ખ કે સાથી ઔર હોતે હૈ! - **સલીમ શેખ**
- ક્રોધ અને આંધી બંને એક સમાન છે,
  શાંત થયા બાદ જ નુકશાન અંગે માહિતી મળે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મૌન ધારણ કરેલો માનવી હંમેશા સાંભળવા લાયક હોય છે - **જાપાની કહેવત**
- બુદ્ધિ હોય તો વટથી જીવી શકાય, સંપત્તિ હોય તો અભિમનથી જીવી શકાય, સત્તા હોય તો રુઆબથી જીવી શકાય પરંતુ જો પ્રસન્નતાથી જીવવું હોય તો પ્રેમ સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી - **બોધિવૃક્ષ**
- વિવેકની તપાસ કરે છે તો તું વિવેકી છે અને એવી કલ્પના કરે છે કે
  તને વિવેક લાધ્યો છે તો તું બેવકૂફ છે - **જહોન ફિબર**
- પુસ્તકો એ મસાલા ભરીને સાચવી રાખેલા મહાન મગજ છે - **જીવન પાથેય**
- આજનું ઔષધ : બહેનોને ગર્ભાવસ્થા દરમિયાન પપૈયાનું સેવન ન કરવાનું કહેવાયું છે, એબોર્શનનો ભય હોય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સમાજ સુધારક જોતિબા ફુલે સ્ત્રી શિક્ષણના હિમાયતી હતા. તેમણે એક કન્યાશાળાની સ્થાપના કરી. એ જમાનામાં વાલીઓ છોકરીઓને શાળામાં મોકલવા માટે તૈયાર ન હતા . 'સારા કામની શરૂઆત પોતાના ઘરથી જ થવી જોઈએ.' એ કહેવત અનુસાર જોતિબા એ પોતાના પત્ની સાવિત્રીબાઈને જ કન્યાશાનાં સૌપ્રથમ વિદ્યાર્થીની તરીકે દાખલ કર્યા. એમ કરવાથી સમાજમાં તેમના પર ટીકાનો મારો ચાલ્યો. છતાં ફુલેજી મક્કમ રહ્યા. લોકોએ ફુલેજીના વડીલોના કાન ભર્યા. જેને કારણે સંયુક્ત કુટુંબમાં કલેશ ઊભો થયો. વડીલોએ પુત્રવધુને શાળાએ જવા માટે મનાઈ ફરમાવી દીધી. ફુલેજીએ આ બાબતે સખ્ત વિરોધ કર્યો. એમના પત્ની સાવિત્રીબાઈ પતિવ્રતા સ્ત્રીના ધર્મને જ અનુસરવા માટે મક્કમ હતા. છેવટે કલેશનો અંત લાવવા ફુલેજીએ પોતાનું ઘર છોડવું પડ્યું. આમ કરવાથી સાવિત્રીબાઈનું શિક્ષણ ચાલુ રહી શક્યું. સાવિત્રીબાઈ કન્યાશાળામાં જતા હતા ત્યારે ગામલોકો તેમની હાંસી ઉડાવતા. કોઈ તો કાંકરી ચાળો પણ કરી જતા. અને કોઈ 'આ બાઈ વંઠી ગઈ છે.' એવા કઠોર વચનો પણ સંભળાવી જતા. છતાં જોતિબાએ અને સાવિત્રીબાઈએ મૂંગે મોઢે આ બધું જ સહન કરીને પોતાનું સમાજસેવાનું કાર્ય જીવનપર્યંત ચાલુ રાખ્યું હતું.

# કોરોના વકરવાની વકી

## તંત્રીસ્થાનેથી...

કોરોના વાઈરસને વિદાય લેવી નથી ગમતી. યુરોપ અને અમેરકા જેવા સમૃદ્ધ દેશોમાં લાખ કોશિશો છતાં પણ પારોઠનાં પગલાં નથી ભર્યા. ચીન બંધિયાર મહાસત્તા છે એટલે એનું સત્ય ફક્ત શી જિનપિંગના તંત્ર પૂરતું સીમિત રહી જાય છે. સાચી હકીકત બહાર આવતી જ નથી. ભારત લોકતંત્રની શક્તિપીઠ બની રહ્યું છે. તંત્રવાહકો હૂંશીલા થઈ નેતાઓને રાજી રાખવા અનુકૂળ આંકડા બહાર પાડે અને ન પાડવા જેવા ન પણ પાડે. છતાં ગુજરાતના મુખ્યમંત્રી કે કેન્દ્રના ગૃહમંત્રીનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવે તો એ છાનું નથી રહેતું. અલબત્ત, દુનિયાના ઘણા બધા દેશોની સરખામણીમાં ભારતમાં સંક્રમણ નિયંત્રિત રહ્યું છે અને મરણાંક ઓછો રહ્યો છે - એટલું આશ્વાસન જરૂર લઈ શકાય. ટોળાંને કારણે કોરોના સંક્રમણ પ્રસરતું હોવાની સર્વસ્વીકૃત માન્યતા કોણ જાણે કેમ, દિલ્હીની સરહદ પર એકઠા થયેલા નકલી ખેડૂતોની બાબતમાં ખોટી પડી છે, જે થોડાં મરણ પામ્યાં નીપજ્યાં છે તે કાં તો હાર્ટએટેક જેવાં જાણીતા કારણોસર અથવા ડિપ્રેશનમાં આવી જઈ આત્મહત્યા કરવાને લીધે થયાં છે. શક્ય છે કે ખડતલ ખેડૂતોની રોગપ્રતિકાર શક્તિ એમને કોરોના સંક્રમણથી બચાવતી રહી હોય. નહીંતર હજારોની સંખ્યામાં સાવ જ બિન આરોગ્યપ્રદ હાલતમાં આ ખેડૂતો મહિનાઓથી અડિંગો જમાવીને બેઠા છે અને સરકારે સમાધાન માટે અનેક પ્રયત્નો કર્યા છતાં ઊઠવાનું નામ લેતા નથી. શાહીન બાગમાં ધરણાં સમેટી લેવા માટે 'કોરોના પ્રેરિત' લોકડાઉનનો આદેશ કારણભૂત હતો.

કેશુભાઈ પટેલ અને અહમદ પટેલ જેવા વરિષ્ઠ નેતાઓ સહિત કેટલાક પ્રાદેશિક નેતાઓ કોરોનાનો કોળિયો બન્યા છે. પરંતુ છેલ્લાં કેટલાય સપ્તાહથી કોરોના જાણે ઉચાળા ભરી રહ્યો હોય એવું લાગવા માંડ્યું હતું. વસંતના આગમન સાથે કોરોનાનો વિદાય સમારંભ ઊજવીએ એ પહેલાં ગુજરાતના સૌમ્ય અને સંવેદનશીલ મુખ્યમંત્રી તથા ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના સંગઠન મંત્રી ભીખુભાઈ દલસાણિયા અને કચ્છના કર્મઠ સાંસદ વિનોદ ચાવડા કોરોના ગ્રસ્ત થાય છે. અર્થાત્ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ અન્વયે રેલીઓ તથા સભાઓ કરનારા નેતાઓને લાગ જોઈને કોરોનાએ ડંખ દીધો છે. દિવાળીના દિવસોમાં 'અનલોક' પ્રક્રિયા પરાકાષ્ઠાએ પહોંચતાં લોકો ખરીદી કરવા ટોળે વળ્યા એ પછી કોરોનાનો વિસ્ફોટ થયો હતો. એમાંથી બહાર આવતાં નવ નેજાં થયાં હતાં, પણ આ મહાનગરપાલિકાઓ - નગરપાલિકાઓ અને પંચાયતોની ચૂંટણીઓમાં ટિકિટો મેળવવાથી લઈ પ્રચાર રેલીઓ પર્યંત જે ટોળાં થઈ રહ્યાં છે અને 'સ્ટાન્ડર્ડ ઓપરેટિવ પ્રોસીજર' નેવે મુકાઈ ગઈ છે એ જોતાં જરૂર દહેશત રહે કે ઉચાળા ભરી ગુજરાત છોડવાની તૈયારીમાં પડેલા વાઈરસને વધુ એક વાર ગુજરાતમાં ગરબે રમવાની મોકળાશ મળી જાય! એણે હાલ પૂરતાં તો મોટાં માથાં જ પકડ્યાં છે. બનવાજોગ કે એ છેક નીચલા સ્તર સુધી એના 'સ્પાઈક' પસારે. સાવચેત રહેવું પડશે. લગ્નસરા શરૂ થઈ ગઈ છે. માસ્ક પહેરવાનું ભૂલીએ નહીં, 'સોશિયલ ડિસ્ટંસ' તો કયાં જાળવી શકાય છે? નેતાઓ જ ન જાળવી શકતા હોય ત્યાં સામાન્ય જનતા કેવી રીતે જાળવશે ? વળી ઓછામાં પૂરું શાળાઓ ખૂલી ગઈ છે - ઈશ્વરને પ્રાર્થના કરીએ કે એ સૌની વહારે ધાઈ કોરોનાના રાક્ષસના ત્રાસથી બચાવે. આપણે આખરે તો રામભરોસે જીવનારી પ્રજા છીએ. જય શ્રી રામ!

# 'ભગવાન જેવો ધણી માથે બેઠો છે તો ચિંતા શાની' ગોદડીયા સંતો



## જીવન ચરિત્ર

સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

ગોદડીયા પરંપરા સૌરાષ્ટ્રમાં શરૂ થઈ અને તેનો પ્રચાર ગુજરાતના અન્ય ભાગોમાં થયો. તેના સ્થાપક હરિરામ બાપા હતા. આ પરંપરાનો મુખ્ય ઉદ્દેશ સેવા છે. તેઓ ક્યારેય કોઈની સામે હાથ ફેલાવતા નથી એટલે તેમને ''અયાચક'' માનવામાં આવે છે.

કોઈ પણ પરંપરાનો વિકાસ-પ્રચાર- પ્રસાર કરવા સંસ્થાઓની આવશ્યકતા રહેતી હોય છે અને તેથી જ ગુદડીયા પરંપરાની પ્રવૃતિઓ માટે આખા ગુજરાતમાં નાની મોટી સંસ્થાઓ ઊભી કરી. તેનો મુખ્ય ઉદ્દેશ સેવા અને અન્નદાન હતો. આ પરંપરા સૌરાષ્ટ્રના ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના થોરાળા ગામે જન્મેલા સમર્થ હરિરામ બાપાથી શરૂ થઈ આખા ગુજરાતમાં પ્રસરી.

જે સાધુ સંતો શરીરને ટકાવી રાખવા જ્યાંથી મળે ત્યાંથી રોટલીનો ટૂકડો ખાઈ લેતા અને ગરમી ઠંડીથી રક્ષણ મેળવવા ચિથડાની ગોદડી પોતાની પાસે રાખતા અને આ બંને વસ્તુઓ તેમના જીવનનો એક ભાગ બની ગઈ અને આ સંતો ગોદડીયા સંતો તરીકે ઓળખાવા લાગ્યા.

અને આ તે રીતે ભારતવર્ષમાં ગોદડીયા પરંપરાનો પ્રારંભ થયો. આ પરંપરા વિશે ખૂબ ઓછું જાણવા મળે છે. પણ 'ચપર્ટ પરિરિકા સ્ત્રોત'માં આદિ શંકરાચાર્યે કહ્યું છે કે જેમણે રસ્તામાંથી મળેલ ચિથરાઓ ભેગા કરી પોતાના શરીરને ટકાવી રાખવા ગોદડી બનાવી અને આત્માને જેણે પાપ અને પુણ્ય રહિત બનાવ્યો છે તે ગોદડીયા સંન્યાસી કહેવાય. ગોદડીનો કોઈ સિમિત અર્થ ન કરતા સંસ્કૃત ભાષામાં 'ગો' નો એક અર્થ ઈન્દ્રિય થાય છે અને 'દડી'નો અર્થ દંડિત થાય છે. ગોદડીયા સંન્યાસી એટલે એવા સંન્યાસી કે જેમણે ઈન્દ્રીયો ઉપર સંયમ રાખ્યો છે. મુસલમાનો ' સુફી' સંતો થઈ ગયા. ફારસી ભાષામાં ' સુફલ્ર એટલે 'રૂલ્ર અથવા 'ઉનલ્ર થાય છે અને આમ, સુફી શબ્દનો અર્થ પણ ગોદડીયા થાય છે. જેમ સુફી સંતોમાં જેમ દયા, પ્રેમ, કરૂણા હતી તેવી જ ગોદડીયા સંતોમાં છે.

પ્રસિધ્ધિ અને પરંપરામાં ન માનતા એવા કંથડી મહારાજના નામથી ઓળખાતા એવા ચાલુક્ય મહારાજ કે જેઓ મુળરાજદેવ પ્રથમના સમકાલિન હતા. ગુજરાતમાં હરિરામ બાપાએ ગોદડીયા પરંપરાને ઉજાગર કરનાર પ્રથમ સંત હતા. રામ બાપા, પ્રેમદાસ બાપા, અને પ્રાગદાસ બાપા જેવા ગોદડિયા સંત થઈ ગયા.

સંત શ્રી બંસીબાપુ અને સાવરકુંડલાના અને સમર્થ હરિરામ બાપાના શિષ્ય એવા પુ.શ્રી રામબાપુ એ પ્રજાપતિનાં શરીર હતા. પુ.શ્રી રામબાપુ ઉચ્ચ કોટિના વૈરાગી હતા. કાયમી ઉઘાડા દિલે અને ઉઘાડા પગે વિચરાતા કમરે અઢિવારનો એક સફેદ કટકો વિંટાળતા હતા. આજીવન ઝુંપડી પણ બાંધી નહોતી. એમણે જિંદગીના ચાલીસ વર્ષ ઢસામાં એક ધર્મશાલામાં એક વૃક્ષ નીચે વિતાવ્યા. અપરિગ્રહ વ્રત ધરાવતા અને ભગવાન જેવો ધણી માથે બેઠો છે તેમ માનતા બાપા દિવસે જે કંઈ આવ્યું હોય તેમાંથી સાંજે કુતરા, ગાયોને ખવરાવી દેતા.

(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧

# તેઓ અંગત સ્વજનનાં મૃત્યુ સમયે પણ મન મૂકીને રડી શકતા નથી



## આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

આ પ્રકારનો મનોરોગ વ્યકિતને ધીમેધીમે નકારાત્મક અભિગમ તરફ દોરી જતો હોય છે. એ લોકોનો પોતાનાં સંબંધો અને સંબંધીઓ પ્રત્યે તો નકારાત્મક અભિગમ થઈ ગયો હોય છે પણ સમયાંતરે પોતાની જાત પ્રત્યેનો અભિગમ પણ નકારાત્મક બની જતો હોય છે. એ વ્યકિત પોતાનાં સંબંધો અને સંબંધીઓ વિષે બહુ ઓછું બોલતા હોય છે અને જ્યારે જ્યારે બોલે છે ત્યારે તેમાં મોટોભાગે નકારાત્મક સૂર જ નીકળતા હોય છે. આ પ્રકારના લોકોના નકારાત્મક અભિગમને કારણે તેની સાથે સંબંધો કેળવવા કે નિભાવવા માટે સંબંધીઓ રાજી નથી હોતા. ક્યારેક તો એવું બનતું હોય છે કે આ પ્રકારના લોકોના અંગત કુટુંબીજનો પણ તેના સ્વભાવ અને અભિગમને કારણે કંટાળી ગયા હોય છે, પરેશાન થઈ ગયા હોય છે કારણકે એ એક વ્યક્તિના કારણે એ કુટુંબના સામાજિક સંબંધોમાં ઘણી જગ્યાએ, ઘણીવાર તીરાડો પડી જતી હોય છે. એ સમયે કુટુંબીજનોને પણ તેમનાં કારણે ઘણું સહન કરવું પડતું હોય છે અને અન્ય સ્નેહીઓ સાથેના કુટુંબના સંબંધો સાચવવા વધારે પ્રયત્નો કરવા પડતાં હોય છે. સંબંધોમાં પડતી એ તીરાડો સાંધવા, તેને મરામત કરવા માટે કુટુંબનાં અન્ય સભ્યોએ સતત જહેમત ઉઠાવવી પડતી રહેતી હોય છે.

એ લોકોના જીવનમાં બધુ જ હોવા છતાં જાણે એવું અનુભવતા હોય છે કે પોતાના જીવનમાં એકદમ ખાલીપો છે. સૌ કોઈ પોતાના હોવા છતાં એ લોકો એવું માનવા લાગ્યા હોય છે કે પોતાનું કોઈ જ નથી, પોતાનું જીવન એકલા જ જીવવાનું છે. તેઓને સંબંધોનું કોઈપણ પ્રકારનું સુખ સ્પર્શી શકતું નથી. દુ:ખને કદાચ તેઓ દુ:ખ માનતા જ નથી હોતા. બીજા શબ્દોમાં કહીએ તો તેમના જીવનમાં સુખ-દુ:ખ શૂન્યતા વ્યાપી ગયેલી હોય છે. તેમના જીવનમાં આનંદનો અભાવ વ્યાપી ગયો હોય છે. આ મનોરોગને આપણે આનંદઅભાવ કે સુખ-દુ:ખશૂન્યતાના મનોરોગ તરીકે ઓળખી શકીએ.

સંબંધો પ્રત્યેના એ લોકોનાં નકારાત્મક અભિગમને કારણે લાંબો સમયે તેઓની ભાવાત્મક ક્ષમતા એકદમ ઓછી થઈ જતી હોય છે. ક્યારેક તેઓની ભાવાત્મકતા શૂન્ય બની જતી હોય છે. તેઓ કોઈપણ પ્રકારની લાગણી વ્યકત કરવાની ક્ષમતા ખોઈ બેસતા હોય છે. તેઓનાં ચહેરા ભાવશૂન્ય થઈ જતાં હોય છે, તેઓનાં શબ્દો ભાવવિહીન થઈ જતાં હોય છે અને તેઓનાં શરીરની ભાષા પણ કોઈ જ પ્રકારની લાગણી વ્યકત કરવા માટે અશક્તિમાન થઈ જતી હોય છે. આ પ્રકારની ભાવશૂન્યતા તેઓનાં જીવનને તહસ-નહસ કરી નાખતી હોય છે. નથી તેઓ કોઈની લાગણીને સમજી શકતા કે નથી તેઓ પોતાની લાગણી કોઈને સમજાવી શકતા. આ પ્રકારની ભાવશૂન્યતા સાથે જીવતી વ્યક્તિ પોતાની જીંદગી યંત્રવત બનીને વિતાવતી હોય છે. ક્યારેક એ લોકોની આસપાસ જીવતા લોકો પણ તેની સાથે યંત્રવત બની જતાં હોય છે.


આનંદ કે ખુશીનો સુરજ એ લોકોના જીવનમાં જાણે કાયમ માટે આથમી ગયો હોય એવું લાગતું હોય છે. તેઓની બેસવા-ઉઠવાની કે ચાલવાની રીતમાં એક પ્રકારની હતાશા કે નિરાશા સતત ડોકાયા કરતી હોય છે. તેઓની ઊંડી ઉતરી ગયેલી આંખોમાં તાગ ન માપી શકાય એવી દરિયા જેવી વેદના ડોકાતી હોય છે. તેઓના ચહેરા ઉપર ભાવ-શૂન્યતા વ્યાપી ગયેલી હોય છે અને તેઓના ચહેરા ઉપરનું નૂર કાયમ માટે ઉતરી ગયેલું હોય છે.

આ પ્રકારનાં મનોરોગીઓની ભાવ-શૂન્યતા તેમનાં જીવનમાં એટલી હદે ઘર કરી ગયેલી હોય છે કે તેઓનાં અંગત સ્વજનના મૃત્યુ સમયે પણ તેઓ મન મૂકીને રડી પણ શકતા નથી. પેલા વચલા ભાઈની જ વાત કરીએ, તેનું જ ઉદાહરણ લઈએ તો તેનાં પિતાનું મૃત્યુ થયું ત્યારે સ્મશાનયાત્રા સમયે જ જ્યારે ઘરમાં સ્ત્રીઓની રોકકળ ચાલતી હતી અને અન્ય ભાઈઓ વેદનાભર્યા ચહેરે સ્મશાનયાત્રાની વિધીમાં પડયા હતા ત્યારે એ વચલો ભાઈ એકદમ ભાવશૂન્ય થઈને એક ખૂણામાં બેસી ગયો હતો. સ્મશાનયાત્રા નીકળી ત્યારે તેનાં કોઈ સંબંધીએ તેને પરાણે ઊભો કરીને તેનાં પિતાની અર્થીને કાંધ આપવા માટે મજબૂર કર્યો હતો. સ્મશાને પણ એ ભાઈ શૂન્યમનસ્ક થઈને એક ખૂણામાં બેસી રહ્યો હતો. એકદમ ભાવશૂન્ય અને ભાવવિહીન.

કોઈ વ્યકિત આ પ્રકારનાં રોગોનો શિકાર અચાનક જ નથી બની જતી. આ પ્રકારના મનોરોગ થવા પાછળના કેટલાક કારણો હોય છે. વ્યકિત કોઈ પ્રકારની લાંબી સમયની ગંભીર બીમારીમાંથી પસાર થઈ હોય, કોઈ ધાતક બીમારી લાગુ પડી હોય, અકસ્માતનો ભોગ બનીને બીજી જીંદગી મળી હોય એવા સંજોગોમાં એ વ્યકિતના સંજોગોમાં વ્યકિત લાંબા ગાળે આ પ્રકારના મનોરોગના શિકાર બની શકે છે. જીવનમાં કોઈપણ પ્રકારનો અચાનક ભયંકર આધાત લાગ્યો હોય તો ભલે વ્યકિત એ આધાતમાંથી બહાર આવી ગઈ હોય છતાં ક્યારેક આ પ્રકારનાં મનોરોગનો શિકાર બની જતી હોય છે. બચપણમાં વ્યક્તિનું કોઈપણ પ્રકારનું શોષણ થયું હોય, વ્યકિત તેનાં કુટુંબીજનો, સગા-સંબંધીઓ દ્વારા લાંબા સમયા સુધી સતત તિરસ્કૃત થઈ હોય તો પણ વ્યકિતને આ પ્રકારનો મનોરોગ લાગુ પડી શકે છે. જે કોઈ વ્યકિત આ પ્રકારના રોગનો શિકાર બની હોય તે વ્યક્તિ તેનાં રોજ-બરોજનાં વ્યવહારમાં સામાન્ય જ લાગતી હોય છે. બહુ નજીકથી; સુક્ષ્મ રીતે અવલોકન કરીએ, તેમના વર્તન-વ્યવહારનું વિશ્લેષણ કરીએ તો જ એ વ્યકિતની મનોદશા વિષે સાચો ખ્યાલ આવી શકે છે. સામાન્ય કુટુંબીજનો પણ 'એ તો તેનો એવો સ્વભાવ જ છેલ્ર એવું માનીને તેમની સાથે એ પ્રકારના વ્યવહાર-વર્તન કરતાં હોય છે.

ભાવ-શૂન્યતા કે આનંદ-અભાવ જેવા મનોરોગથી પીડાતી વ્યકિત આપણાં કુટુંબમાં હોય શકે, આપણાં સ્નેહી-સંબંધી કે મિત્ર પણ હોય શકે છે. એવી વ્યકિતને 'લ્રએ તો તેમનો સ્વભાવ જ છેલ્રલ્ર કેવું કહી ને તેને તરછોડી ન શકીએ. એ લોકો પ્રત્યે આપણે થોડી સહાનુભૂતિપૂર્વકનું વર્તન કરવાની જરૂર હોય છે. માનસિક સહકાર અને માનસિક પ્રોત્સાહન થકી એ લોકોની માનસિકતા સુધરી શકતી હોય છે. એ વ્યક્તિના કુટુંબીજન, સ્નેહી-સંબંધીના સહારા અને સહકાર થકી જ એ લોકોને સુખ દુખની લાગણી સાથે જીવન જીવવાની પ્રેરણા મળતી હોય છે. શું આપણે આવા લોકો માટે પ્રેરણરૂપ ના બની શકીએ?

# જીવનમાં વસંતનો પ્રવેશ એટલે વસંતની ખુશ્બુ મનનો આનંદ



## જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

વિદેશોની તુલનામાં ભારત અતિ ભવ્ય અને દિવ્ય ભૂમિ છે કેમ કે અહીં પુષ્કળ વૈવિધ્ય અને તેમાં પણ વિવિદ રીત-રિવાજો, પરંપરાઓ ઉત્સવો અને સામાજિક જીવનનો ખજાનો છે. તીથિ-તહેવારનું જે મહત્વ ભારતમાં જોવા મળે છે તે વિદેશોમાં જોવા મળતું નથી માટે આપણી સાંસ્કૃતિક વિરાસત પાછળ હવે પરદેશના લોકો પણ ખુબ જ રૂચિ ધરાવતા થયા છે. આપણે વિશ્વને યોગ દિનની ભેટ આપી છે એમ કહીએ તો અતિશયોક્તિ નહીં કહેવાય! વાસંતિ વાયરો વાય ત્યારે માનવીના મનમાં ઉમંગની છોળ અવશ્ય ઉડે છે. ગઈકાલે ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૧ના દિવસે વસંત પચંમીનો દિવસ હતો. આ દિવસે સ્વામિનારાયયણ સંપ્રદાયમાં સહજાનંદ સ્વામીએ સર્વજીવનાં હિતાર્થે 'શિક્ષાપત્રી' ની રચના કરી અને હરિભક્તોને જણાવ્યું કે આ શિક્ષાપત્રી એ મારું સ્વરુપ છે અર્થાત્ આ આદેશો અને નીતિ નિયમો મુજબ જીવન જીવશે એ સંપ્રદાયની અંદરના ભક્તજનો કહેવાશે. આ નાનો ગ્રંથ વાસ્તવમાં 'કોડ ઓફ કંડકટ' - છે તે ખાત્રી આપે છે કે મનસ્વી નહીં પણ આજ્ઞા મુજબ જીવન ચાલશે તો આ લોક અને પરલોક સુધી તેના પાલક મહાસુખ અવશ્ય પામશે. શિક્ષાપક્ષી સર્વ જીવનાં કલ્યાણ માટે છે. જીવનમાં માત્ર મોજ મસ્તી જ ધ્યેય હરગીજ ના હોય પરંતુ જયાં વિવેક બુદ્ધિની જરૂરિયાય હોય ત્યાં એ પ્રસ્તુત થાય તો પાનખર ને પ્રવેશવાની તક નહિવત રહેતી જોવા મળે છે. પશ્ચિમના એક સંતની કોઈક પ્રેમમાં થયેલી શહાદતની વાત સાથે ફેબ્રુઆરીમાં ઉજવાતો વેલેન્ટાઈન ડે એ ભારતમાં કોઈ રીતે બંધબેસતી ઘટના નથી છતાં તેની પાછળ યુવાવર્ગ જાય છે ત્યાં એક રૂપાળું બહાનું મૂળ્યાના આનંદ વિના નક્કર કંઈ નથી પ્રેમ ઉજવણીનો એક દિવસ કે કોઈ એક સપ્તાહ કદી હોય ના શકે. અને મૌન પ્રગટે ત્યારે પ્રેમનું પ્રાગટ્ય અન્યને કદાચ કોઈ એક અહેસાસના સ્વરુપમાં મળે છે !! દુનિયામાં પ્રેમના નામે ખુબ જ છેતરપીંડી, દંગો, વિશ્વાસઘાત થઈ રહ્યા છે ત્યાં માત્ર ભોગ વિલાસની પ્રબળ અપેક્ષાથી આગળ કંઈ જ હોતું નથી જે વ્યક્તિનાં આત્મા સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલું હોય !

જિસે કભી પા નહીં સકતે
ઉસ કી ખુશી મેં ખુશ હોના
ઈશ્ક હૈ

અન્યને ચાહવું એ એક હૈયાનું સમર્પણ ઝરણું હોય છે ત્યાં કોઈ મલિનતા ઈષ્ટ ગણાતી નથી. વસંતની ઋતુમાં ઉપવનની અંદર ખુશ્બુ વ્યાપક બને ભ્રમરની વૃત્તિ ત્યારે સહજ રીતે ઉચ્ચત્તમ બને છે એ ઈશ્વરીય ઘટના છે. કવિ કાલીદાસે જે કૃતિઓ આ વિષય ઉપર લખી તેમાં એક અર્થ એ પણ પ્રગટ થયો છે કે આ સમગ્ર વિષય ઉપર વિશ્વપતિનાં પ્રેમનું સામ્રાજય છવાયેલું છે જયાં કોઈ તુચ્છ સ્વાર્થ કે વાસનાનું બિંદુ માત્ર પણ નથી ! અર્પણ કરતી વખતે સ્વને ભૂલી જવાની આદત પ્રત્યેક પાસે હોતી નથી. વાસનાથી ભરપૂર આધુનિક દુનિયામાં હવે માત્ર તનનાં આનંદને પ્રેમ ગણવાની ભૂલ શરૂ થઈ છે! વાસંતિ પગરવમાં દરેક જયારે કુદરતનાં નિર્ભળ પ્યારનો આસ્વાદ લે ત્યારે વાયરો વ્હાલથી સ્પંદનોને ઝંકૃત કરે તે અહેસાસ થાય અને મનને પુલકિત કરી જાય છે. મનને પુષ્ટ કરે એ મુક્ત આનંદ વસંતઋતુમાં શિખર ઉપર હોય છે, એટલે જ કહેવાય છે કે પ્રેમથી પરમાત્માને પામી શકાય, નહીં કે માત્ર જ્ઞાનથી. ભક્તિમાં નશો હોય નશામાં ભક્તિ દૂર હટી જાય છે. એવું જ પ્રેમનાં વિષયમાં જોવા મળે છે. જો સ્વાર્થ તત્વ વધી જાય તો નૈતિક મૂલ્યો નાશ પામી જાય.

પૂજા થા જિસ કો વો
ખુદા ના બન સકા
ઈબાદત કરતે કરતે
હમ ફકીર હો ગયે

સંબંધોની ગરિમા અવશ્ય હોય તે સમાજ જરૂર સુખદાયી આવેગો અને સાચી લાગણીઓની પ્રાપ્તિનો હર્ષ પામી શકે છે. રાધા અને કૃષ્ણ પ્રેમના વિષયમાં આજે શ્રેષ્ઠ આદર્શ વિશ્વ સામે છે. શબ્દ અને સંવેદના દ્વારા માણસનું પ્રાગટ્ય થતું રહે છે જે તેના મૂળભૂત સંસ્કારોને રજૂ કરે છે. વસંતમાં જે છૂપો સંદેશો છે તે વેલેન્ટાઈન ડેની ઊજવણીમાં હરગીજ નથી. વગડે વાય વાયરા વસંતના અને મહેકે છે ડાયરા મલકમાં - એવું કહેવાય છે એ સત્ય લાગે છે. અમૃત ઘાયલનો શેર બહુ જ માર્મિક છે.

લાગણીનું એક ખીલ્યું છે કમળ
એ જ તો મહેફિલ તણો આધાર છે
ઉત્સવોની રાહ હું જોતો નથી
તું મળે બસ એટલે તહેવાર છે.

વસંતનો સંદેશ એટલે અન્ય કાજે પ્રગટવું અને આનંદનાં અસ્તિત્વ ને વ્યાપક બનાવી આનંદિત થવું આ જે ઘટના ઊભી થાય છે તે માત્ર ઋતુ સંલગ્ન નથી. જગત આનંદથી ભરેલું છે પરંતુ પૃથ્વી ઉપરના જીવો સ્વયંના સંઘર્ષ સામે જોઈ જોઈને ને તથા તુલનાઓ કરીને દુ:ખમાંથી બહાર નીકળતા નથી. ઈશ્વર આનંદ સ્વરુપ જ છે, સ્નેહ સાગર, કરૂણાનિધાન જ છે. પ્રગટવું,ખીલવું, પરિપક્વ થવું અને ખરી પડવું એ ક્રમ માત્ર ઉપવનનો જ નથી માટે જીવનને તાત્વિક દૃષ્ટિથી સ્વીકૃત કરવાનું કામ પણ ઋતુઓ શિખવી જાય છે. ભારતની વિવિધતામાં આનંદ છૂપાયેલો છે ત્યાં ઐક્ય ઉમેરાય ત્યારે ઈશ્વર પણ ખુદ રાજી થાય છે. દરેક વાર્તા ત્યાં સુધી જ રસપ્રદ છે જયાં સુધી તમે કે હું એનું પાત્ર નથી એ જગતના જનજીવનનો સાર છે. હવે વસંત શરૂ થઈ છે તેનો ખરો વૈભવ માણીએ એવી આશા.

**શેર આસ્વાદ :**

**ફૂર્સદ મિલે તો ઉનકા ભી**
**હાલ પુછ લિયા કરો**
**જિન કે સીને મેં દિલ કી જગહ**
**આપ ધડકતે હો !!**